રાજકોટ, જિલ્લા પંચાયતની સામાન્ય સભા તોફાની બનવાના એંધાણ

રાજકોટ : રાજકોટ જિલ્લા પંચાયતની આવતીકાલે સામાન્યસભા મળનાર છે ત્યારે કોંગ્રેસના જ અંસતુષ્ઠ જૂથ ફરી કોંગ્રેસમાં આવે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે તો ખાટરિયા જૂથે બળવો કરી બે મહત્વની સમિતિમાં કબ્જો કરેલ સમિતિ પરત ખેંચવાના રાજકીય ચોગઠા ગોઠાવ્યા છે. આવતીકાલે મળનાર સામાન્ય સભા તોફાની બનવાના એંધાણ મળી રહ્યા છે.

વિગત એવી છે કે ગત જનરલબોર્ડમાં કોંગ્રેસના સત્તાવાર શાસક જૂથ ખાટરિયાએ સમિતિઓના સભ્યોની ચૂંટણીમાં જે નામોની દરખાસ્ત કરી તેને કોંગ્રેસના જ ૩૪માંથી ૧૩ સભ્યોનો ટેકો મળ્યો, ૧ મત ગણાયો નહીં અને ૨૦ સભ્યોએ વિરુધ્ધમાં મતદાન કરી અંદરોઅંદરના આ જંગમાં કોંગ્રેસના નારાજ જૂથે પોતે પસંદ કરેલા સભ્યો ચૂંટાઈ આવ્યા હતા. પરંતુ, પછી જ્યારે સમિતિઓના ચેરમેનની ચૂંટણી થઈ ત્યારે વળી આ નારાજ સભ્યોની અંદરોઅંદર પણ નારાજગી થઈ અને શીંગાળાને બદલે રેખાબેન કારોબારી ચેરમેન ચૂંટાઈ આવ્યા હતાં. હવે સમિતિઓ એક કરનાર સભ્યો પાસેથી સમિતિની સત્તા જ આંચકી લેવા પ્રમુખ જૂથે

દાવ રમીને આવતીકાલે જન.બોર્ડમાં કારોબારી અને બાંધકામ સમિતિની સત્તા જન.બોર્ડ હસ્તક લઈ લેવા દરખાસ્ત મુકી છે. આ દરખાસ્ત અન્વયે પ્રમુખ જૂથે હવે ૨૧ સભ્યોને એટલે કે એટલા મતને સલામત કરવા અને બાગીઓનું સભ્યપદ રદ કરાવવા

કાનુની નિષ્ણાંતોની મદદ લઈને તજવીજ હાથ ધરી છે. આવતીકાલની સામાન્ય સભામાં બાંધકામ સમિતિ અને કારોબારી સમિતિની સત્તાકાળની દરખાસ્ત કરવામાં આવી છે ત્યારે ખાટરીયા જૂથ હરીફ જૂથો કદ પ્રમાણે વેતરવાની તૈયારી કરી લીધી છે.

તો બીજી તરફ ગત બોર્ડમાં સક્રિય ભાજપના જિલ્લા પ્રમુખ ડી.કે.સખિયાના માર્ગદર્શન અને હાજરીમાં કોંગ્રેસના પ્રમુખ જૂથના પાર્ટીલાઈનના સભ્યોને પરાજય બાદ હવે તેઓ આ અંગે પોતે ખાસ સક્રિય નહીં હોવાનું જણાવે છે મૂળ કોંગ્રેસના મંત્રી કુંવરજી બાવળિયા અને તેમની સામે એક સમયે લડત આપતા ભરત બોઘરા દ્વારા પાછલા બારણે જિ.પં.માં રસ લેવાઈ રહ્યો છે.

તો કોંગ્રેસનાં અર્જુન ખાટરીયાએ જણાવ્યા પ્રમાણે ૨૧ સભ્યો તેમની સાથે છે બોર્ડ સામે સ્ટે ન અપાય તે માટે સરકારમાં કેવીયેટ કરી છે. ઉપરાંત હાઈકોર્ટમાં પીટીસન કરી છે.

જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના સભ્યમાં અંદરો-અંદર બે ફાટા પડી ગયા છે ત્યારે કોંગ્રેસના બળવાખોર ૧૦ જેટલા સભ્યો પરત કોંગ્રેસ છાવણીમાં આવવા તૈયાર થયા છે. બળવાખોર સભ્યો માટે પ્રદેશ હાઈકમાન્ડે ગેરલાયક ઠેરવવાની લીલીઝંડી આપી દેતા બાગી સભ્યો પાર્ટી લાઈનમાં આવી ગયા છે.

પ્લાસ્ટિક પ્રતિબંધને પડકારતી પિટિશન

રાજકોટ : રાજકોટ જામનગર, જૂનાગઢ સહિતના શહેરોમાં પ્લાસ્ટિક વપરાશ પર લદાયેલો પ્રતિબંધ ચર્ચાસ્પદ બન્યો છે ત્યારે આવા પ્રતિબંધને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે. રાજ્યભરમાં પ્લાસ્ટિક પર સરકાર દ્વારા મુકવામાં આવેલા પ્રતિબંધ મામલે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી છે. અરજદાર દ્વારા હાઈકોર્ટમાં અરજી બાદ રાજ્ય સરકાર, જીપીસીબી, એએમસી સહિતના પક્ષકારોને નોટિસ ફટકારવામાં આવી છે.

આ મામલે હાઈકોર્ટે બે સપ્તાહમાં ખુલાસો કરવાનો આદેશ પણ આપ્યા છે. ૧૨ સપ્ટેમ્બરના રોજ હાઈકોર્ટમાં સુનાવણી પણ હાથ ધરાશે. આ મામલે રજૂઆત કરતા અરજદારે જણાવ્યુ છે કે, ૫૦ માઈક્રોનથી જાડા પ્લાસ્ટિક પર પ્રતિબંધ ન લગાવી શકાય. સરકારે વેસ્ટ મેનેજમેન્ટ માટે માળખાકીય સુવિધા ઉભી કરવી જોઈએ. વેસ્ટના રિસાઈકલિંગના ઉપયોગમાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ થાય છે.

રાજ્ય સરકાર પાસે કર્મીઓને મોંઘવારી ચૂકવવા નાણાં નથી!!

રાજકોટ : કેન્દ્ર સરકારે પોતાના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો કરીને તહેવારો ટાણે ખુશ કરી દીધા છે ત્યારે રાજ્ય સરકારનાં કર્મીને હજુ સુધી આ લાભ નહી અપાતા કચવાટ ફેલાયો છે આ અંગે વિવિધ કર્મચારી મંડળોએ અનેક વખત રજુઆતો પણ કરી છે છતાં હજુ વિલંબ થતા હવે મોંઘવારી વધારાનું એરિયર્સ રોકડામાં ચુકવવા માંગ કરી છે. સરકાર દ્વારા સરકારી કાર્યક્રમો અને તાયફાઓમાં લખલુટ ખર્ચ થઇ રહ્યો છે. ત્યારે પોતાના કર્મીઓને જ તહેવારો ટાણે મોંઘવારી વધારા માટે પૈસા નથી તેવો આક્ષેપો થઇ રહયા છે.

કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓ અને પેન્શનરોને રાહતો સારા સમાચાર આપી તહેવારની ભેટ આપી છે. કેબીનેટની બેઠકમાં મોઘવારી ભથથુ ૨ ટકા વાધારવાનો નિર્ણય લેવાયો છે.

જુલાઈ માસાથી આ વાધારા સાથે કેન્દ્રીય કર્મચારીઓને ૯ ટકા મોંઘવારી મળવાપાત્ર થાશે. પરંતુ રાજ્ય સરકારના કર્મચારીઓને આ લાભ ન મળતા કચવાટ ફેલાયો છે.

રાજ્ય સરકારના કર્મચારીઓને હજુ પણ પાંચ ટકા જ મોંઘવારી ભથથું મળે છે. કેન્દ્ર સરકાર દ્વારા ગત માર્ચ માસમાં જાન્યુઆરી- ૧૮ ની અસરાથી બે ટકા મોંઘવારી વાધારી પાંચમાંથી સાત ટકા કરાઇ હતી.

જેનો લાભ હજુ પણ રાજ્યના કર્મચારીઓને મળ્યો નાથી. આટલો વિલંબ અગાઉ ક્યારેય નાથી થયો. આ બાબતે રાજ્યના વિવિધ કર્મચારી મંડળો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવ્યા બાદ હજુ પરિણામ મળ્યું નાથી.

હાલ જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા બીજી વખત મોંઘવારી વાધારાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે રાજ્ય સરકારના કર્મચારીઓને પણ કેન્દ્રના ધોરણે આ બે - બે ટકાનો વાધારો જાહેર કરી જાન્યુ.૧૮ થી સાત ટકા તાથા જુલાઈ ૧૮થી નવ ટકા મૂજબ મોંઘવારી વાધારાનો લાભ અપાય તેમજ આ બે- બે ટકા મોંઘવારી વાધારાનું એરિયર્સ રોકડમાં ચૂકવાય તેવી માંગ કર્મચારી અગ્રણી અને રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના ઉપાધ્યક્ષ હરિસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી છે.

ખેડૂતો હવે ખેતરોમાં ઉગાડશે વીજળી

રાજકોટ : રાજયનો ખેડૂત વર્ષમાં ત્રણ રવિપાક, ખરીફપાક અને શિયાળુ પાકોનું વાવેતર કરીને કૃષિ પેદાશ મેળવે છે. પરંતુ હવે રાજયનો ખેડૂત કૃષિ પાકોના વાવેતર ઉપરાંત વીજળીનું વાવેતર કરીને વધારાની આવક મેળવી શકશે. આ માટે રાજય સરકારે ખેડૂતોના હિતમાં સૂર્યશકિત કિસાન યોજના લાવેલ છે. સૌર ઉર્જા થકી-સોલાર પેનલો ખેતર/વાડીમાં નાખીને વધારાની વીજળી દ્વારા કમાણી કરી શકશે.

આ માટે રાજય સરકારે ઉર્જા વિભાગ દ્વારા પ્રથમ તબક્કામાં રાજયમાં પાઇલોટ પ્રોજેકટ અંતર્ગત ૧૩૭ ફીડરો આવરી લઇને ૧૭૫ મેગાવોટ વીજ ઉત્પાદન કરાશે અને જેનો અંદાજે રૂ. ૮૭૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. જેમાં રાજયના ૩૩ જિલ્લાઓના ૧૨૪૦૦ ખેડૂતોનો સમાવેશ કરાયેલ છે.

આ યોજનામાં ખેડૂતો ફકત ૫ ટકા રકમ ભરીને જોડાઇ શકે છે. બાકીની ૩૦ ટકા રકમની લોન રાજય સરકાર બેંક પાસેથી મેળવશે અને ૬૦ ટકા સબસીડી કેન્દ્ર/રાજય સરકાર તરફથી મળશે. ખેડૂતોને તેમના ખેતરમાં સૂર્યશકિતથી વીજ ઉત્પાદન મેળવવા સોલાર પેનલ આપવામાં આવશે. સ્કાય ફીડર ઉપર અગાઉ કોઇ પણ ખેડૂતે અરજી નોંધણી કરાવેલ હોય અને યોજનામાં જોડાવા ઇચ્છે.

ICRAએ એલએન્ડટી ફાઈનાન્સ અને એની પેટાકંપનીઓનું ક્રેડિટ રેટિંગ્સ સુધારીને AAA કર્યું

મુંબઈ, ICRA લિમિટેડ (મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસ કંપની)એ લાંબા ગાળાનાં ડેટ માધ્યમો માટે ભારતની અગ્રણી નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની (એનબીએફસી) એલએન્ડટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ (એલટીએફએચ) અને એની પેટાકંપનીઓ એલએન્ડટી ફાઈનાન્સ લિમિટેડ (એલટીએફ), એલએન્ડટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કંપની લિમિટેડ (એલટીઆઈએફ) અને એલએન્ડટી હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એલટીએચએફ)નું ક્રેડિટ રેટિંગ AA+ (સ્ટેબલ)થી વધીને AAA (સ્ટેબલ) થયું છે.

ICRA AAA રેટિંગ નાણાકીય જવાબદારીઓ સમયસર અદા કરવા સાથે સંબંધિત સર્વોચ્ચ સલામતી સૂચવે છે. આ પ્રકારનાં માધ્યમો ધિરાણનું સૌથી ઓછું જોખમ ધરાવે છે. ICRA રેટિંગ્સે મેનેજમેન્ટની મજબૂત ટીમ, સંગઠિત કંપનીઓ સાથે ડાઈવર્સિફાઈડ પોર્ટફોલિયો, સ્પર્ધાત્મક દરે ફંડ વધારવા મજબૂત નાણાકીય લવચિકતા અને મજબૂત પેરેન્ટેજ જેવાં ધિરાણનાં મજબૂત પરિબળોને ધ્યાનમાં લીધા છે, જેનાં પગલે આ અપગ્રેડેશન થયું છે.

ચાલુ વર્ષની શરૂઆતમાં ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડ અને કેર રેટિંગ્સ લિમિટેડે એલટીએફએચ અને તેની પેટાકંપનીઓ એલટીએફ, એલટીઆઈએફ અને એલટીએફએચને લાંબા ગાળાનાં ડેટ માધ્યમો પર રેટિંગ અપગ્રેડ કરીને 'AAA' કર્યું છે.(૧)

આર્ટિસ્ટ મનોજ મૌર્યાએ કેરળ પીડિતોને મદદ કરવા માટે પોતાના પેઈન્ટિંગ્સ દાન કરશે

મુંબઈના આર્ટિસ્ટ મનોજ મૌર્ય કેરળના પૂર પીડિતો માટે ભંડોળ એકત્રકરવા માટે તેમના ચિત્રો આપી રહ્યા છે.કલાકારેતેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ચૅરિટિવેચાણ માટેતેમના પેઇન્ટિંગ્સ મૂક્યા છે અને તે આવક કેરળના મુખ્યમંત્રીના ડિસ્ટ્રેસ રિલીફ ફંડ માંજશે. કલાકારે કારગિલ વોર હીરોઝના પરિવારો, નર્મદા બચાવ આંદોલન, આદિજાતિ આર્ટ પ્રોલિફેરેશન, વંશાવલિ ડ્રાઈવોઅને ખેડૂતોના કલ્યાણજેવા ભૂતકાળમાં તેમના ચિત્રોદ્વારા ઘણા સામાજિક કારણો માટે ભંડોળ એકત્ર કર્યું છે. તેમની બીજી સામાજિક નવીનતાના ભાગરૂપે, તેણે ભારતના ૨૨ રાજ્યોમાં ૧૭૦૦૦ કિમીની રોડટ્રીપ હાથ ધરી છે, જ્યાં તેમણે અમલદાર, સામાજિક કાર્યકરો, લેખકો, કલાકારો, વિદ્યાર્થીઓ, ખેડૂતો, ગૃહિણીઓથી ૨.૫ લાખથી વધુ લોકોની મુલાકાત લીધી છે.

મનોજસમગ્ર દેશમાંબધાતેના પોસ્ટ પર એકજબરજસ્ત પ્રતિભાવ મળી રહ્યું છે.કલાદ્વારા ચેરિટી માત્ર પરોપકારી નથી પરંતુ મૂળ કલાના ગૌરવ ધરાવનાર પણ બનાવેછે.રસ ધરાવતી ખરીદદારો art@manojmaurya.com પર મનોજને ઈમેઈલ કરીશકે છે.(૧૩-૯)

હરેકૃષ્ણ મંદિર, ભાડજ - અમદાવાદ દ્વારા શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ – ૨૦૧૮

હરેકૃષ્ણ મંદિર,ભાડજ તા. ૦૩સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ શ્રી કૃષ્ણજન્માષ્ટમી મહોત્સવની વિશાળ ભવ્યતા ઉજવણી કરી રહ્યું છે. મંદિર ખાતે ઉજવાતો શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ ખૂબ જ આગવો અને બધા ભકતો ને એક અલૌકિક અનુભવ કરાવનારો હોય છે. ઉત્સવ દરમ્યાન મહાભિષેક, હિંડોળા (ઝૂલન) ઉત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્વર્ણરથ ઉત્સવ વિગેરનું કરવામાં આવેલ આયોજન ઉત્સવને વધુમાંવધુ દર્શનીય બનાવશે.

હરેકૃષ્ણ મુવમેન્ટ, અમદાવાદના અધ્યક્ષ શ્રી જગનમોહન કૃષ્ણ દાસા જન્માષ્ટમી ઉત્સવની ભવ્યતા સમજાવતા જણાવે છે કે જન્માષ્ટમી તે આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણની મથુરાની પવિત્રભૂમિ પર દિવ્યપ્રાગટયની ઉજવણી છે. જન્માષ્ટમી ઉતસ્વ દરેક કૃષ્ણભક્તો માટે બહૂ જ આનંદમય પ્રંસગ હોય છે અને તે સંપૂર્ણ વિશ્વમાં ઘણા જ ઉત્સાહભેર અને ઠાઠમાઠતી ઉજવાય છે. હરેકૃષ્ણ મંદિર,ભાડજ ખાતે અમો તા. ૦૩સપ્ટેમ્બર ના રોજ જન્માષ્ટમી અને તા. ૦૪સપ્ટેમ્બરના રોજ નંદોત્સવની ઉજવણી કરી રહ્યા છીએ.(૨૨-૧)

ડીએસપી ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ નવી બ્રાન્ડ ઓળખની રજૂઆત કરે છે

ડીએસપી ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સે આજે તેની નવી બ્રાન્ડ ઓળખ રજૂ કરી હતી. ડીએસપી બ્લેકરોક ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રા. લિ. લિમિટેડને હવેથી ડીએસપી ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રા. લિ. તરીકે ઓળખવામાં આવશે, અને ડીએસપી બ્લેકરોક મ્યુચ્યુઅલ ફંડને ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ તરીકે ઓળખવામાં આવશે.

ડીએસપી ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડના પ્રમુખ કલ્પેન પારેખે જણાવ્યું હતું કે, "અમારી નવી બ્રાન્ડ ઓળખની જાહેરાત કરતાં મને ઘણી ખુશી થાય છે અને સાથે સાથે હું એ પણ જાણુ છું કે તેની સાથે ઘણી જવાબદારીઓ પણ આવે છે. જે ટીમ ડીએસપીને તેના નવા પડકારો અને આયામો માટે સુસજ્જીત કરે છે. અમે જાણીએ છીએ કે નાણાકીય વિશ્વમાં સતત ફેરફાર થયા કરે છે અને રોકાણકારોને ઘણા જટિલ નિર્ણય લેવા પડે છે. અમારા દરેક ગ્રાહકને આ બદલાવ સાથે સરળતાપૂર્વક તાદાત્મ્ય સાધવામાં મદદ કરવી એ અમારો મુખ્ય પડકાર છે. સરળ વિચારો, સરળ કાર્ય અને સરળ રીતે મદદ કરવા અમે પ્રતિબદ્ધ છીએ."

અમે માનીએ છીએ કે સરળતા, આદર અને વિનમ્રતાના સિદ્ધાંતો ડીએસપીને વ્યાખ્યાયિત કરવાનું ચાલુ રાખશે. અમે અમારા રોકાણકાર અને વિતરણ પાર્ટનરોને સરળ, પુરાવા આધારિત અને સિદ્ધાંતપૂર્ણ રીતે તેમના જોખમને સમજાવવાનું અને રોકાણના ફાયદાઓ જણાવવાનું ચાલુ રાખીશું. (૧૯-૧૦)

રૂબી મિલ્સ લિ.ના ચેરમેન મનુભાઈ શાહને ૧૫ સંસ્થાઓની ભાવાંજલિ

ટેક્સટાઈલ ઉદ્યોગપતિ, અગ્રણી હરોળના સામાજિક કાર્યકર અને દાનવીર સ્વ. શ્રી મનહરલાલ(મનુભાઈ) ચુનીલાલ શાહના માનમાં અગ્રણી ૧૫ સંસ્થાઓના ઉપક્રમે તા. ૨૫ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ મુંબઈમાં ભાવાંજલિ સભા યોજાઈ હતી. આમાં મનુભાઈની વિવિધ ક્ષેત્રોની સેવાઓને બિરદાવવામાં આવી હતી. વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ અને મહાનુભાવો બહોળી સંખ્યામાં આ સભામાં ઉપસ્થિત રહ્યા હતાં.

મનુભાઈ શાહનો જન્મ તા. ૨૨ મે ૧૯૩૪ના થયો હતો અને ૮૪ વર્ષની ઉંમરે તા. ૨૧ જુલાઈ ૨૦૧૮ના તેમનુ અવસાન નિપજ્યું હતું.

ધી રૂબી મિલ્સ લિ,ના તેઓ ચેરમેન એમીરેટ્સ હતા. તેઓ ધી બોમ્બે મિલ ઓનર્સ એસોસિયેશનના ચેરમેન અને ધી બોમ્બે ટેક્સટાઈલ રિસર્ચ એસોસિયેશના ચેરમેન હતા.

સામાજિક ક્ષેત્રે તેઓ ૩ હોસ્પિટલના ચેરમેન હતા. આમાં એસ.આર.મહેતા એન્ડ કેપી કાર્ડિયાક ઈન્સ્ટિટ્યુટ – સાયન, કોનવેસ્ટ એન્ડ મંજુલા એસ.બદાણી જૈન હોસ્પિટલના અને રૂક્ષ્મણી લાઈંગ – ઈન હોસ્પિટલનો સમાવેશ થાય છે. તેઓ ભગવાન મહાવીર મેમોરિયલ સમિતિ(ન્યૂ દિલ્હી) તેમ જ શ્રી સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી સેવા સંઘ(મુંબઈ)ના પ્રમુખ હતાં.(૧-૭)

એડિડાસ ફુટબોલ એ નવો ટીમ મોડ એકસ૧૮ રજુ કર્યો

એડિડાસ ફુટબોલએ તાજેતરમાં ફૂટબોલના સૌથી ખતરનાક ખેલાડીઓની સ્પીડ (ગતિ) માટે ડિઝાઈન કરવામાં આવેલ બૂટ એકસ૧૮ માટે નવીન કલરવે રજુ કર્યો છે. પ્રિડેટર, નેમેઝિઝ અને કોપા સિલોસની સાથે ટીમ મોડ પેકના ભાગરૂપે રજુ કરવામાં આવેલ એક્સ૧૮ બૂટ આકર્ષક યલો, બ્લેક અને બ્લ્યુ કલરવેમાં ઉપલબ્ધ છે.

એકસ૧૮ને હાઇ સ્પીડ (ઉચ્ચ ગતિ) સાથે સ્થિરતા અને સપોર્ટ આપવા માટે ડિઝાઇન કરવામાં આવેલ છે. લો-કટ કલો કોલર કંસ્ટ્રકશનમાં સ્ટ્રેચેબલ મટીરિયલ છે જે પગની યોગ્ય સ્થિતી જાળવી રાખે છે.

સ્કેલેટલ વીવએ ઓપ્ટીકલી ચાર્જડ સ્પીડ યાર્નથી વોવન અલ્ટ્રા થીન ગ્રિડ (ગુંથાયેલ જાળી) છે, રિસ્પોસિવ ટચ અને હળવાપણાનો અનુભવ આપે છે. અલ્ટ્રા-સોફટ સ્પીડમેશ પગની મુવમેન્ટને અવરોધયા વગર કંટ્રોલ ટચ આપે છે.(૧૩-૫)

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Mayur C Bhatt., Place of Pub: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Owner : Kalyani Pub. Pvt. Ltd.

ઝોડીયાક એનર્જી લીમીટેડ
સીન : U51909GJ1992PLC017694
રજીસ્ટર્ડ ઓફીસ-એ-૧૨૦૪, સિધ્ધિ વિનાયક ટાવર્સ,
ઓફ એસ જી હાઇવે, મકરબા, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧

કંપનીની ૨૬મી વાર્ષિક સામાન્ય સભા અને બુક કલોઝરની નોટીસ

આથી અહીં નોટીસ આપવામાં આવે છે કે, ઝોડીયાક એનર્જી લીમીટેડ (ધ કંપની)ની ૨૬ (છવ્વીસમી) વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા.૨૨મી સપ્ટેમ્બર,૨૦૧૮ના રોજ બપોરે ૩.૦૦ વાગે, સેમીનાર રૂમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન, ટોરેન્ટ - એએમએ મેનેજમેંટ સેન્ટર, કોર- એએમએ મેનેજમેંટ હાઉસ, અટીરા કેમ્પસ, એએમએ કોમ્પલેક્ષ, ડો.વી. એસ. માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦૦૧૫ ખાતે મળનાર છે, જેમાં ૨૬મી સામાન્ય સભાની નોટીસમાં જણાવ્યા પ્રમાણેના ખાસ અને સામાન્ય કામો હાથ ધરવામાં આવશે.

કંપનીના નોંધાયેલા સભ્યો માટે કંપનીની શેર ટ્રાન્સફર બુક ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ને શનિવાર થી, તા.૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ શનિવાર સુધી (બન્ને દિવસ સહિત) કંપનીની ૨૬મી સામાન્ય સભાના હેતુસર બંધ રહેશે.

કંપનીનો વર્ષ ૨૦૧૭-૧૮ નો વાર્ષિક એહવાલ તથા ૨૬મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસની ઇલેકટ્રોનીક કોપી જે સભ્યોના નામ ઇ-મેઇલ આઇડી કંપની-ડીપોઝીટરી પાર્ટીસીપેન્ટસમાં નોંધાયેલા છે તેમને મોકલી આપવામાં આવ્યા છે. જે સભ્યોના માન્ય સરનામાં નોંધાયેલા છે તેમને ફીઝીકલ કોપી તેમના સરનામાં પર મોકલી આપવામાં આવી છે.

આથી સભ્યોએ નોધ લેવી કે કંપની અધિનિયમના સમય સમય પર થતા સુધારા અને તેના અનુચ્છેદ ૧૦૮ ની જોગવાઇઓ અનુસાર છવ્વીસમી (૨૬)મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસમાં દર્શાવેલા ઠરાવ મુજબ સભ્યોને ઇલેકટ્રોનીકલી એટલે કે રીમોટ ઇ-વોટીંગની સગવડતા પુરી પાડવાની જરૂર નથી તેથી કંપની અધિનિયમ ૨૦૧૩ મુજબ પારંપારીક પધ્ધતિ મુજબનું મતદાન વાર્ષિક સામાન્ય સભાના સ્થળે ઉપલબ્ધ રહેશે.

૨૬મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ અને ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.zodiacenergy.com પર ઉપલબ્ધ છે. તેમ છતા વાર્ષિક સામાન્ય સભાને લગતા કોઇ પ્રશ્ન હોય તો ઇ-મેઇલ cs@zodiacenergy.com ઉપર લેખિતમાં સંપર્ક કરી શકો છો.

ઝોડીયાક એનર્જી લીમીટેડ વતી
એસડી-
કુંજબિહારી શાહ
મેનેજીંગ ડાયરેકટર
ડીન નં. ૦૦૬૨૨૪૬૦
સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૮ ઓગસ્ટ, ૨૦૧૮

બ્લૂમ ડેકોર લીમીટેડ
CIN: L20210GJ1992PLC017341
રજિ. ઓફિસ : બ્લોક નં. ૨૬૭ ગામ ઓરન, તા.પ્રાંતિજ, સાબરકાંઠા, ઉત્તર ગુજરાત-૩૮૩૨૦૫
કોર્પો.ઓફિસ : ૨/એફ, સુમેલ, સરખેજ-ગાંધીનગર હાઇવે રોડ, જીએનએફસી ઇન્ફો ટાવર સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : +૯૧-૨૭૭૦-૨૫૦ ૧૧૦ ફેક્સ નંબર: +૯૧-૨૭૭૦-૨૫૦૧૦૧
ઇ-મેઇલ : redressal@bloomdekor.com
ફોન નંબર : +૯૧-૭૯-૨૬૮૪૧૯૧૬/૧૭/૧૮ ફેક્સ નંબર: +૯૧-૭૯-૨૬૮૪૧૯૧૪
વેબસાઇટ: www.bloomdekor.com

કંપનીની ૨૭મી વાર્ષિક સામાન્ય સભા, બૂક ક્લોઝર અને ઇ-વોટિંગની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે બ્લૂમ ડેકોર લિમિટેડ (કંપની) ના શેરહોલ્ડરોની સત્યાવિસમી વાર્ષિક સામાન્ય સભા ("વાર્ષિક સામાન્ય સભા") તારીખ: શનિવાર, સપ્ટેમ્બર ૨૨, ૨૦૧૮ ના રોજ ૧૧.૦૦ કલાકે કંપની ની રજિસ્ટર્ડ ઓફિસ પર, એટલે કે બ્લોક નં ૨૬૭, ગામ ઓરન, તાલ: પ્રાંતજ, સાબરકાંઠા, ઉત્તર ગુજરાત - ૩૮૩ ૨૦૫, સામાન્ય વ્યવસાયોને અને ખાસ વ્યવસાયને, કે જે સત્યાવિસમી વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં નોન્ધવામાં આવ્યા છે તેને મંજૂર કરવા માટે યોજવામાં આવશે.

સત્યાવિસમી વાર્ષિક સામાન્ય સભાના હેતુ માટે કંપનીના શેરહોલ્ડરોના નોંધણીપત્રક અને શેર ટ્રાન્સફર બુક્સ રવિવાર, સપ્ટેમ્બર ૧૬, ૨૦૧૮થી શનિવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ (બંને દિવસ સહિત) બંધ રાખવામા આવશે.

૨૭મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ અને કંપનીના નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટેનો વાર્ષિક રિપોર્ટની ઇલેક્ટ્રોનિક કોપી, એ તમામ સભ્યોને કે જેના ઇમેઇલ સરનામાં ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(ઓ) સાથે નોંધાયેલા છે તેમને મોકલેલ છે. સભ્યો કે જેમના ઇમેઇલ સરનામાં નોંધાયેલા નથી તેમને નકલો મંજૂરી મોડમાં તેમના નોંધાયેલા સરનામાં મોકલવામાં આવી છે.

કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ અને કંપનીઓના (સંચાલન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ (તેના સુધારણા સહિત) અને સેબીના (લિસ્ટિંગ જવાબદારીઓ અને જાહેરાતો જરૂરિયાત) નિયમન, ૨૦૧૫ ના નિયમ ૪૪ હેઠલ, ૨૭મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસમાં રજૂ કરાયેલા તમામ ઠરાવો પર વાર્ષિક સામાન્ય સભાના સ્થળથી બીજા સ્થળે ઇલેક્ટ્રોનિક રીતે મતદાન કરવા માટે સદસ્યોને દૂરસ્થ ઈ-મતદાન સુવિધા પૂરી પાડતા કંપનીને ખુશી થાય છે. કંપનીએ દૂરસ્થ ઈ-મતદાન એજન્સી તરીકે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડની સેવાઓનો લાભ લિધો છે.

બધા સભ્યોને જાણ કરવામાં આવે છે કે ૨૭મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસમાં રજૂ કરાયેલા સામાન્ય વ્યવસાયો અને વિશિષ્ટ વ્યવસાયને ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મતદાન દ્વારા વ્યવહાર કરી શકાય છે.

દૂરસ્થ ઈ-મતદાન બુધવાર, સપ્ટેમ્બર ૧૯, ૨૦૧૮ (૦૯:૦૦ કલાકે) થી શરૂ થશે અને શુક્રવાર, સપ્ટેમ્બર ૨૧, ૨૦૧૮ (૦૫:૦૦ વાગ્યે) પુરુ થશે.

ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા ૨૭મી વાર્ષિક સામાન્ય સભામાં મતદાન માટેની પાત્રતા નક્કી કરવા માટે શનિવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના શેરહોલ્ડરો યોગ્ય ગણવામા આવશે.

કોઈ પણ વ્યક્તિ કે જે, ૨૭મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ મોકલ્યા પછી કંપનીના શેર મેળવે છે અને કટ ઓફ ડેટ એટલે કે શનિવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ કંપનીના શેર ધરાવે છે તો evoting@nsdl.co.in પર એક વિનંતિ મોકલીને લૉગિન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો કે, જો તમે પહેલાથી દૂરસ્થ ઈ-મતદાન માટે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ સાથે રજીસ્ટર થયા હોવ તો આપ મત આપવા માટે તમારા વર્તમાન યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકો છો. જો તમે તમારો પાસવર્ડ ભૂલી ગયા છો, તો તમે www.evoting.nsdl.com પર "યુઝર વિગતો/પાસવર્ડ ભૂલી ગયા છો" વિકલ્પનો ઉપયોગ કરીને તમારો પાસવર્ડ ફરીથી સેટ કરી શકો છો.

સભ્યો નોંધ લેવા વિનન્તિ કે ૧) દૂરસ્થ ઈ-મતદાન મોડ્યુલ એનએસડીએલ દ્વારા મતદાન માટે ઉપરોક્ત તારીખ અને સમય પછી અક્